વ્યકિતગત ધોરણે મકાન સહાય :–

અનુ.જાતિ/અનુ.જન.જાતિ તથા વિચરતી અને વિમુકતનજાતિના લાભાર્થીઓ કે જેઓ ગ્રામ્ય વિસ્તારમાં રહેતા હોય અને જેમની આવક રૂા.૨૪૦૦૦/– કરતાં ઓછી હોય તેમને સમાજકલ્યાણ ખાતા તરફથી મકાન બાંધવા માટે રૂા.૩૦,૦૦૦/– ની સહાય આપવામાં આવે છે.

આ યોજના માટેના અરજી ફોર્મ જે તે તાલુકા પંચાયતના સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રી પાસેથી વિના મુલ્યે મળી શકશે. આ અરજી ફોર્મ જરૂરી સાધનિક કાગળો સાથે અરજદારે નિરીક્ષક મારફત જિલ્લા કચેરીએ મોકલવાના રહેશે. આ અરજીપત્રક સાથે નીચે પ્રમાણેના પ્રમાણપત્રો તથા દસ્તાવેજો અરજદારે સામેલ કરવાના રહે છે. આયોજનો અંગેના અરજીફોર્મ નમુનો પરિશિષ્ટ– સામેલ છે.

(૧) જાતિ/આવક અંગે સક્ષમ અધિકારીનો દાખલો (તા.વિ.અ.શ્રી/મામલતદારશ્રી)

(૨) રેશન કાર્ડની નકલ.

(૩) જમીન રાહતદારને નામે છે. તે અંગે તલાટી–ક્રમ–મંત્રી તથા સરપંચની સહીવાળો ગામના નમુના નં.૨ નો ઉતારો તથા જમીન અંગે વેરા પહોચ.

(૪) મફત પ્લોટ મળેલ હોય તો તેની સંનદ.

(૫) નિયત નમુનામાં તલાટી–ક્રમ–મંત્રી તથા સરપંચની સહીવાળી ની નકલ.

(૬) અરજદારને કે તેના કુટુંબનમાં અન્ય સભ્યોને તાલુકા પંચાયત કે અન્ય સ્થળેથી મકાન સહાય બાંધવા માટે સહાય મળેલ નથી. તે અંગે તાલુકા વિકાસ અધિકારીશ્રીનો દાખલો.

(૭) સમાજ કલ્યાણ નિરીક્ષકનો અભિપ્રાય ચર્તુદિશા સાથેનું રોજકામ.

(૮) વ્યકિતગત માલીકીના પ્લોટ મળેલ હોય તો તેના હુકમ તથા સંનદની નકલ.

(૯) ચર્તુદીશા વાળો તલાટી–ક્રંમ–મંત્રીનો સહીવાળો નકશો.

૧૦. જુનું મકાન હોય તો ગામના નમુના નં ૪ ની મકાન વેરા પહોંચ તાજેતરના વર્ષની.

૧૧. ગામના નમુના નં/૭/૧૨ તથા ૮અ–ઉ

૨. માનવગરીમા યોજના :–

અનુ.જાતિ અનુ.જન.જાતિ અને વિચરતી વિમુકિત જાતિના ગ્રામ્ય વિસ્તારના રહેતા લાભાર્થીઓ કે જેમની આવક રૂા.૧૧૦૦૦/– કરતા ઓછી હશે તેમને નાના પાયાના વ્યવસાય દ્વારા સ્વરોજગારી મળી રહે તે હેતુંથી આ યોજના હેઠળ રૂા.૩૦૦૦/– સહાય આપવામાં આવે છે.

અરજદારના કુટુંબમાંથી એક જ વ્યકિતને આ યોજનાનો લાભ આપી શકાશે.

આ યોજના ફોર્મ જે તે તાલુકા સમાજ નિરીક્ષક પાસેથી વિના મુલ્યે સોમવાર તથા ગુરુવારે મળી શકશે. અરજીફોર્મનો નમુનો પરિશિષ્ટ સામેલ છે.

અરજદારે અરજી સાથે, નીચે મુજબના સાધનીક કાગળો, જોડીને જે તે સમાજ કલ્યાણ નિરીક્ષક મારફત જિલ્લા કચેરીએ મોકલવાની રહેશે.

અરજી સાથે જોડવાના સાધનીક કાગળો :–

૧. જાતિનો દાખલો સક્ષમ અધિકારીના તા.વિ.અ.શ્રી./મામલતદારશ્રી

૨. આવકનો દાખલો

૩. રેશન કાર્ડની નકલ.

૪. કેશલોન બીલ.

૩. દીકરી રૂડી સાચી મુડી યોજના :–

અનુજાતિ/અનુ.જન.જાતિ  તથા વિચરણી વિમુકત જાતિના ગ્રામ્ય વિસ્તારના રહેતા લાભાર્થીઓ કે જેઓ ગરીબી રેખા હેઠળ આવતા હોય તેવા કુંટુબોમાં 'પુત્રી' ની જન્મ પ્રસંગે માતાને પ્રસુતિ સહાય માટે રૂા.૫૦૦/– આપવાની જોગવાઈ છે તેમજ બાકી ના જન્મ માટે રૂા.૨૫૦૦/– ના રાષ્ટ્રીય બચત પત્રો આપવાના રહેશે.

આમ આ યોજના પુત્રીના જન્મ પ્રસંગે રૂા.૩૦૦૦/– આપવાની જોગવાઈ છે.

આ યોજના પ્રથમ પુત્રી જન્મ પ્રસંગે આ સહાય મળી શકશે પુત્રીના માતાપિતા ગુજરાત રાજય વતની હોવા જોઈએ.

આ યોજના માટેના અરજી ફોર્મ જે તે તાલુકા પંચાયત કચેરીએ સમાજ કલ્યાણ નિરીક્ષક પાસેથી વીના મુલ્યે મળી રહેશે. અરજીફોર્મનો નમુનો પરિશિષ્ટ સામેલ છે.

૪.મફત તબીબી સહાય :–

અનુ.જાતિ./અનુ.જન .જાતિ તથા વિચરણી વિમુકત જાતિના ગ્રામ્ય વિસ્તારના રહેતા લોકો કે જેઓ ગંભીર પ્રકારની બીમારીથી પીડાતા હોય તેમને ખાધા ખોરાકી લઈ શકે તે માટે માસિક તબીબી સહાય જુદા જુદા રોગો માટે નીચે પ્રમાણે ચુકવવામાં આવે છે.

(૧) રકતપિત દર માસે રૂા.૪૫૦/– દર્દ માટે ત્યાં સુધી.

(૨) કેન્સર દર માસે રૂા.૫૦૦/– દર્દ માટે ત્યાં સુધી.

(૩) ટી.બી (ક્ષય) દરમાસે રૂા.૨૫૦/– દર્દ માટે ત્યાં સુધી.

(૪) સ્ત્રીઓને થતાં પાડુંરોગ માટે કેસ દીઠ રૂા.૧૫૦/–.

(૫) ગંભીર પ્રકારના પ્રસુતિના રોગો માટે કેસ દીઠ રૂા.૫૦૦/–.

જે તે જાતિના અરજદારની વાર્ષિક આવક રૂા.૧૨૦૦૦/– કરતા ઓછી હોય તેવા દર્દીઓને જયા સારવાર લેતા હોય તેવા સરકારી ડોકટર અથવા સરકાર માન્ય દવાખાનાના ડોકટરનું પ્રમાણપત્ર મેળવી અરજીઓ સીધી જિ.પં સમાજ કલ્યાણ શાખાને મોકલવાની રહે છે. આ અંગેનું ફોર્મ વિના મુલ્યે સમાજકલ્યાણ શાખામાંથી મળી રહે છે.

આ અંગેનો અરજીફોર્મનો નમુનો પરિશિષ્ટ સામેલ છે.

અરજી સાથે નીચે મુજબના સાધનીક કાગળો જોડવાના રહેશે.

૧.જાતિ આવક માટે તલાટીનો દાખલો.

૨. ર્ડાકટરનું પ્રમાણપત્ર.

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી.
જિલ્લા પંચાયત–જામનગર.